# ગુડા નિર્મિત આવાસ યોજના આસપાસ ખદબદતી ગંદકી

**ગંદકીથી રહીશોને ગુંગળામણ : ગટરોના દુષિત પાણી ઉભરાતા ગંદકી વચ્ચે મચ્છરોનો ઉપદ્રવ પણ વધ્યો : ગમે ત્યારે રોગચાળો ભરડો લે તેવી દહેશત**

ગાંધીનગર તા ૧૭

ગુડાના રાયસણ વિસ્તારમાં સ્થિત પંડિત દિનદયાળ આવાસ યોજનાની નજીક ગટરના દુષિત પાણીનો ભરાવો થતા સ્થાનિકોનુ આરોગ્ય જોખમાયુ છે. આ વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયથી દુષિત પાણીના ભરાવાના લીધે દુર્ગંધ યુકત વાતાવરણ વચ્ચે સ્થાનિકો પણ ગુંગળામણ અનુભવી રહ્યા છે. જયારે પાણીના ભરાવા સાથે મચ્છરોનો ઉપદ્રવ પણ વધી ગયો છે. આ સમસ્યાને ડામવા ત્વરિત અસરથી નિવારવા માટે ગુડાના તંત્ર સમક્ષ રજુઆત કરવામાં આવી છે.



ગુડા વિસ્તારમાં સફાઈના નામે મીંડુ છે. જયારે ગુડા નિર્મિત આવાસ યોજના આસપાસ પણ ગંદકીના ઢગ જોવા મળી રહ્યા છે. સ્વચ્છ ભારત અભિયાનની જરા પણ અસર આ વિસ્તારમાં જોવા મળતી નથી જેના લીધે ગંદકીથી ખદબદતા આ વિસ્તારમાં રહેતા નાગરિકોનુ આરોગ્ય પણ જોખમાયુ છે. ગુડા વિસ્તારમાં ગટરો ઉભરાતી હોવાની ફરિયાદો પણ વધી છે. સ્થાનિકો દ્વારા અનેકવાર રજુઆત કરવા છતા કોઈ પગલા લેવાતા નથી. ગુડાની પંડિત દિનદયાળ આવાસ યોજના નજીકના વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયથી

● અનુસંધાન પાન-૭ પર



ઉનાળો શરૂ થતાં જ પ્રકૃતિએ એક નવુ જ સ્વરૂપ ધારણ કર્યુ છે. નવા રૂપરંગ ધારણ કરી વૃક્ષો-લતાઓ મનને મોહી રહ્યા છે. એમાંય ગાંધીનગર તો પ્રકૃતિ માટે સ્વર્ગ સમાન છે. પ્રકૃતિના અનેક રંગો અહીં જોવા મળે છે. જાતભાતના રંગબેરંગી ફૂલો ઉનાળો આવતા ખીલી ઉઠ્યા છે. ગરમી વધી રહી છે તેમ તેમ પ્રકૃતિ વધુને વધુ ખીલી રહી છે. શહેરમાં ઠેરઠેર આવેલી બોગનવેલ પર રંગબેરંગી ફૂલો ખીલી ઉઠતાં ગાંધીનગરનું સૌંદર્ય બેવડાયુ છે. ઘ-૫ થી સેક્ટર-૧૧ની એલઆઈસી ઓફિસના માર્ગને બોગનવેલ વધુ નીખારી રહ્યા છે.

# અનામત મુદ્દે હજુ પણ ઘણી બધી દુવિધા છતાં આવકાર

**બિનઅનામત વર્ગ આંશિક રીતે સંતુષ્ટ : અનામત વર્ગનું આંદોલન જારી : વધુ એક માંગણી**

ગાંધીનગર, તા. ૧૭

એલઆરડી ભરતીની સીટો વધારવામાં આવી હોવા છતાં કેટલીક નારાજગી હજુ પણ પ્રવર્તી રહી છે. એકબાજુ મહિલાઓ માટેની સીટોમાં વધારો કરવામાં આવ્યા બાદ બિનઅનામત વર્ગની મહિલાઓ આંશિક રીતે સંતુષ્ટ દેખાઈ રહી છે અને આંદોલનને હાલ સ્થગિત રાખવાની તૈયારી દર્શાવી છે. બિનઅનામત વર્ગના પ્રતિનિધિ દિનેશ બાંભણીયાએ આજે કહ્યું હતું કે સરકાર તરફથી રજુ કરવામાં આવેલી ફોર્મ્યુલા સ્વાગત રૂપ છે પરંતુ આમાં કોઈ ફેરફાર કરાશે તો ફરી આંદોલન કરવામાં આવશે. જો સરકાર કોઈપણ નિર્ણય કરે તો તેમના પ્રતિનિધિઓને જાણ કરે તેવી માંગ પણ તેમના તરફથી કરવામાં આવી હતી. બીજા બાજુ મહિલાઓની સીટોમાં વધારો કરવામાં આવતા પુરૂષ શિક્ષકો પણ આંદોલન કરવાના મૂડમાં દેખાઈ રહ્યા છે. તેમના તરફથી સીટમાં વધારો કરવાની માંગ થઈ છે. બીજી બાજુ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે ગઈકાલે પત્રકાર પરિષદ યોજીને મોડેથી વિગતવાર માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું ક, જુના પરિપત્રને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. જે ઉમેદવારે ૬૨.૫ ટકા માર્ક મેળવ્યા છે તેમની ભરતી કરવામાં આવશે. બક્ષીપંચની બહેનોની ૧૮૩૪ના બદલે ૩૨૪૮ની ભરતી કરવામાં આવશે. આવી જ રીતે જનરલ કેટેગરીના ૮૮૩ અને એસટીના ૪૭૬ના બદલે ૫૧૧ ઉમેદવારની ભરતી કરવામાં આવશે.

## સે. ૧૭ના ફાયરબ્રિગેડની જગ્યામાં

# મનપાએ જ કચેરીના બિલ્ડીંગ માટે નકશા અંદાજો અને વિકાસ મંજૂરી વિના બાંધકામ આરંભી દીધુ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સેક્ટર-૧૭માં જે કચેરીનુ નવુ બાંધકામ હાલ પૂરજોશમાં ચાલી રહ્યુ છે તેની વિકાસ મંજૂરી, નકશા કે અંદાજો કોઈની પણ મંજૂરી મનપા દ્વારા જ આપવામાં આવી નથી એટલુ જ નહિ આ માટેની કોઈ પ્રક્રિયા પણ કરવામાં આવી નહિ હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવવા પામી છે.

ગાંધીનગર મનપા દ્વારા ફાયરબ્રિગેડની કચેરીનું મકાન તોડી પાડી પોતાની કચેરી તેમજ અદ્યતન ફાયર સર્વિસ સ્ટેશન બનાવવાનો નિર્ણય લેવાયા બાદ તેનુ ટેન્ડર કરી અને વર્ક ઓર્ડર પણ આપી દેવામાં આવ્યો હતો. હવે સૌના ધ્યાને આવ્યુ છે કે આ માટેના નકશા કે વિકાસ અંગેની મંજૂરીની કોઈ પરવાનગી તંત્ર દ્વારા લેવામાં આવી જ નથી.

મળતી વિગતો મજુબ ૪ મજલાની ઈમારતનું સ્ટ્રક્ચર હાલ ઉભુ કરવાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. મનપાએ આ નવી કચેરી માટે રૂ. ૧૮ કરોડની જંગી રકમ પણ ફાળવી છે પરંતુ મંજૂરી લેવાની વાત જ અધિકારીઓ વિસરી ગયા છે.

લામાન્યત: નકશામાં દર્શાવ્યા કરતાં થોડુક પણ બાંધકામ જો કોઈ વ્યક્તી દ્વારા કરવામાં આવ્યુ હોય તો તંત્ર બેરહમીથી તેના પર બુલડોઝર ફેરવી દે છે. ત્યારે આ તો આખુ કોળુ જ શાકમાં જતુ રહ્યુ છે. તંત્રને પણ આ બિલ્ડીંગનું કામ ઝડપથી પૂર્ણ કરી અને તેના ઉદ્‌ઘાટન સમારોહના આયોજનમાં વધુ રસ હોવાનું બહાર આવ્યુ છે. અહિ બાંધકામ સાઈટ પર લેબર કોલોની પણ અડધી જ ઉભી કરવામાં આવી હોવાની વાતો પણ છે અને મજૂરોને બહારથી જરૂરિયાત પ્રમાણે લાવવામાં આવે છે.

આ બાંધકામ સાઈટની કોઈ જ પ્રકારની જરૂરી વહીવટીય પ્રક્રિયા હાથ ધરાઈ ન હોવાથી વિવાદ વધુ ઘેરો બન્યો છે અને સત્તાવાળાઓ સંપૂર્ણ મૌન પાળી બેસી ગયા છે. જીડીસીઆર પ્રમાણે બાંધકામ થયુ છે કે કેમ તે જાણવુ હોય તો તેની પણ વિગતો ઉપલબ્ધ થઈ શકે એમ નથી.

આ કચેરીમાં કેટલી મનપાની કચેરીઓ આવશે, કેટલી પાર્કિંગની સુવિધા, કેટલા વાહનો ફાયરબ્રિગેડના રહેશે, જેવા અનેક સવાલોને લઈ હવે શહેરમાં નવા પ્રશ્નો સાથેની ચર્ચાઓ શરૂ થવા પામી છે.

# પબ્લીક સર્વિસ કમિશને તેની સ્પર્ધાત્મક પરીક્ષાઓ મોકુફ રાખી

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત પબ્લીક સર્વિસ કમિશન દ્વારા આગામી ૨૩મી ફેબ્રુઆરીથી ૧૫મી માર્ચ સુધીમાં વહીવટીય સેવાઓની ભરતી માટે યોજવામાં આવનારી સ્પર્ધાત્મક પરીક્ષાઓ હાલ પૂરતી સ્થગિત કરવાનો નિર્ણય કર્યો છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાતને પગલે આ પરીક્ષાઓ રદ કરવામાં આવી હોવાનું કારણ મનાઈ રહ્યુ છે. સમગ્ર રાજ્યમાં આ મુલાકાતને લઈ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે ત્યારે આ પરીક્ષા આજે રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

બીજી તરફ રાજ્ય સરકારમાં ભરતીને લઈ ઉભા થયેલા વિવાદોને પણ કારણભૂત માનવામાં આવી રહ્યા છે. જો કે પબ્લીક સર્વિસ કમિશને હાલ પૂરતી પરીક્ષાઓ સ્થગિત કરાઈ હોવાની વાત જ કહી છે.

મળતી વિગતો પ્રમાણે ગુજરાત વહીવટી સેવા માટેની વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧ અને ૨ તથા ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-૨ની લેખિત પરીક્ષાઓ મોકૂફ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ની પરીક્ષા ૨૩મી ફેબ્રુઆરીએ, ૮મી માર્ચે મુલ્કી સેવા વર્ગ-૧ અને ૨ ની તથા ૧૫મી માર્ચે યોજાનારી ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-૨ની પરીક્ષા મોકુફ રાખી દેવામાં આવી છે.

હવે પછી આ પરીક્ષાઓ માટે નવી તારીખો જાહેર કરવામાં આવશે. આ પરીક્ષાઓની તારીખો હવે માર્ચના અંત પછી જ કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

# શહેરમાં દરરોજના ૪ લગ્ન સમારંભો !

**રંગમંચોના ભાડાની આવક પણ વધી**

**જાન્યુઆરી ૨૦૨૦માં જ ૧૪૦ લગ્નો નોંધાયા**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરમાં સરેરાશ ૪ થી વધુ લગ્ન સમારહોનું આયોજન થઈ રહ્યું છે. ૨૦૧૯ના વર્ષ દરમ્યાન શહેરમાં ૧૨૨૩ લગ્નો નોંધાયા હતા જ્યારે જાન્યુઆરીના એક માસમાં જ ૧૪૦ જેટલા લગ્નો નોંધાયા છે.

શહેરમાં લગ્નસરાની મોસમ કેવી જામી છે તે માટે આ આંકડા પુરતા છે. શહેરમાં લગ્નસરાની મોસમની સાથે સાથે મનપાએ ૬ રંગમંચોના કરેલા નવીનીકરણની સાથે સાથે તેની માંગમાં વધારો થયો છે એટલુ જ નહિ તેની આવક પણ નોંધપાત્ર રહેવા પામી છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ મે મહિના સુધી શહેરના રંગમંચોનું બુકિંગ થઈ ગયુ છે. આ સૂત્રોના જણાવ્યા પ્રમાણે પહેલાં સરેરાશ ૬૬ દિવસનું બુકિંગ થતુ હતુ જ્યારે આ વર્ષે ૯૧ દિવસનું બુકિંગ થયુ છે.

જો કે સૌથી વધુ ડિમાન્ડ સે. ૨૨ના રંગમંચની થવા પામી છે. આ રંગમંચના ભાડાની આવક રૂ. ૩.૧૬ લાખ જેટલી થઈ ચુકી છે. સે. ૨૮ના રંગમંચની આવક રૂ. ૨.૭૭ લાખ તો સે. ૩૦ની આવક રૂ. ૧.૦૫ લાખ જેટલી થઈ છે. મનપાના સૂત્રોનું માનીએ

● અનુસંધાન પાન-૭ પર

# ભારતમાં નિર્ધારિત સમય પહેલા જ વાઘની સંખ્યા બમણી થઈ : પ્રધાનમંત્રી

**મહાત્મા મંદિર ખાતે વન્ય પ્રાણીઓના સંરક્ષણ અંગે સેમિનારનો પ્રારંભ : યાયાવર પક્ષીઓ દેશ-દુનિયાને એકબીજાથી જોડે છે : મુખ્યમંત્રી : માત્ર નિયમોથી જ નહી લોકજાગૃતિ-સહયોગથી જીવસૃષ્ટિનુ સંરક્ષણ શક્ય બનશે : કેન્દ્રીય વનમંત્રી**






ગાંધીનગર, તા. ૧૭

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્થળાંતર કરતા વન્ય પ્રાણીઓની પ્રજાતિઓના સંરક્ષણ માટેની ૧૩મી કોન્ફરન્સ ઑફ પાર્ટીઝનો વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ગાંધીનગર ખાતે શુભારંભ કરાવતા ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત દુનિયામાં સૌથી વધુ જૈવ વૈવિધ્ય ધરાવતા દેશોમાંથી એક છે. દુનિયામાં કુલ ભૂમિ વિસ્તારમાંથી ૨.૪ ટકા હિસ્સા સાથે ભારત વૈશ્વિક જૈવ વિવિધતામાં અંદાજે ૮ ટકા જેટલું યોગદાન આપે છે.

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે પ્રાચીનકાળથી વન્ય જીવોનું સંરક્ષણ અને આવાસ ભારતની સાંસ્કૃતિક નીતિનો હિસ્સો રહ્યા છે, જે કરૂણાભાવ અને સહ-અસ્તિત્વને પ્રોત્સાહન આપે છે. તેમણે ઉમેર્યું હતું કે, ‘‘ગાંધીજીના વિચારોથી પ્રેરાઈને, અહિંસા અને પ્રાણીઓ તેમજ પ્રકૃતિના સંરક્ષણની નીતિનો ભારતના બંધારણમાં યથાયોગ્ય અમલ કરવામાં આવ્યો છે અને કેટલાક કાયદા તેમજ કાનૂનોમાં તે સ્પષ્ટ પ્રતિબિંબિત થાય છે.’’

પ્રધાનમંત્રીએ ભારતમાં વન્ય આવરણમાં વધારો કરવાની જરૂર હોવાનું કહ્યું હતું. હાલમાં દેશમાં કુલ ભૌગોલિક વિસ્તારમાંથી ૨૧.૬૭ ટકા વિસ્તારમાં વન્ય આવરણ છે. ભારત કેવી રીતે સંરક્ષણ, અનુકૂળ જીવનશૈલી અને

● અનુસંધાન પાન-૭ પર

# ડાયવર્ઝનના રૂટમાં એસટી તેમજ સીટીની બસો દોડતા માર્ગ સલામતી જોખમાઈ

**સાંકડા સર્વિસ માર્ગ પર પીક અવર્સમાં આમ પણ ટ્રાફિક જામ થાય છે : એસ ટી બસ માટે ડાયવર્ઝનનો રૂટ બંધ કરાયો હતો પરંતુ નિયમનુ પાલન થતુ નથી**

ગાંધીનગર તા ૧૭

શહેરના મુખ્ય ઘ માર્ગ પર ઘ-૪ નજીક હાલ સર્વિસ રોડનુ કામ ચાલી રહ્યુ છે. જયારે આ કામગીરીને અનુલક્ષીને ટ્રાફિક માટે સર્વિસ રોડ પર ડાયવર્ઝન અપાયુ છે. જેના લીધે સે-૧૬ ના સાંકડા સર્વિસ માર્ગ પર ટ્રાફિકનુ ભારણ વધ્યુ છે. આવા સંજોગોમાં હજુ સુધી આ સાંકડા સર્વિસ રોડ પર એસ ટી બસો સહીત સીટી બસ પણ દોડતા માર્ગ સલામતી જોખમાઈ છે. ગમે ત્યારે જાનલેવા અકસ્માત થવાની દહેશત પણ પ્રબળ બની છે. જયારે પીક અવર્સમાં પણ ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. એસ ટી બસ તેમજ સીટી બસની અવરજવર આ રૂટમાં તાત્કાલિક અસરથી બંધ કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શહેરના મુખ્ય ઘ માર્ગ પર અન્ડર પાસની કામગીરી ચાલી રહી છે. જેના લીધે હાલ નગરના મુખ્યમાર્ગ પર ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. મુખ્ય માર્ગ પર ઘ-૪ નજીક સ્થિત સર્વિસ રોડ પર ટ્રાફિકનુ ભારણ વધ્યુ છે. સાંકડા સર્વિસ માર્ગ પર આમ પણ અગાઉ થી જ ટ્રાફિકની સ્થિતિ જટીલ બની છે. અલબત્ત અગાઉ પાર્કીંગ વિસ્તારમાં દબાણો હોવાના લીધે ચક્કજામ જોવા મળતો હતો આડા દિવસોમાં પણ આ માર્ગ પરથી પસાર થવાનુ શિરદર્દ સમાન બન્યુ હતુ. જયારે આજે ડાયવર્ઝન અપાયા બાદ પણ સ્થિતિ તેવી જ છે. અલબત્ત ટ્રાફિકનુ ભારણ સ્વાભાવિક રીતે જ વધતા પીક અવર્સમાં વાહનચાલકો માટે મુંઝવણ ઉભી થઈ છે. આવા સંજોગોમાં એસ ટી ની બસોને આ રૂટમાં દોડવાની મનાઈ હોવાછતા આ સર્વિસ રોડ પરથી હાલ એસ ટી બસો દોડી રહી છે. જયારે સર્વિસ માર્ગ પરથી એસ ટી બસની સાથે સીટી બસો પણ પુરપાટ દોડતા ગમે ત્યારે જાનલેવા અકસ્માત થવાની દહેશત છે. સાંકડા સર્વિસ માર્ગ પરથી એસ ટી બસો દોડવવા બદલ અગાઉ એસ ટી તંત્ર

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com